| Innovation ID | DTP0010000002492 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** ફળપાકમાં જીવાત નિયંત્રણ

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** Lok(૧) ૩ may june-૧૯૯૬, pg.no.-૫

**Brief**
ફળપાકમાં જીવાત નિયંત્રણ માટે તમાકુ (Nicotiana tabacum) પાવડર, વાવડિંગ (Embelia tsenam-cottom), ગૌમૂત્ર, છાણ અને પાણીનો ઉપયોગ.

**Detail**
ચોમાસામાં ભેજવાળા વાતાવરણમાં ફળપાકોમાં ચૂસિયા પ્રકારની જીવાતો તથા ફળમાખી, ઘોડિયા ઈયળ વગેરેનો ઉપદ્રવ જોવા મળે છે. મુખ્યત્વે દાડમ, બોર, કેરી અને શાકભાજી વર્ગના પાકોમાં પણ આ ઉપદ્રવ જોવા મળે છે.

ખેડૂતના જણાવ્યા અનુસાર પાકમાં ચૂસિયાના નિયંત્રણ માટે ૩ કિલો તમાકુ પાવડર અને ૨૫૦ ગ્રામ વાવડિંગ(Embelia tsenam-cottom)નો ભૂકો, ૫ લિટર ગૌમૂત્ર, ૫ કિલો છાણને ૨૦ થી ૨૫ લિટર પાણી સાથે બે દિવસ પલાળી રાખવામાં આવે છે. ત્યાર બાદ કપડા વડે ગાળીને પીપડામાં ભરવું અને પછી તેમાંથી જે દ્રાવણ છે તેમાં ૨૦૦ લિટર પાણી ઉમેરી છંટકાવ કરવામાં આવે છે. રોગ-જીવાતનું નિયંત્રણ થાય છે. આ પ્રમાણેનો છંટકાવ બીજો ૬-૭ દિવસ પછી કરવો. આમ ત્રણથી ચાર છંટકાવ કરવાથી ચુસિયા કે ઈયળનું નિયંત્રણ કરી શકાય છે.

આ પદ્ધતિમાં વપરાતો વાવડિંગનો પાવડર તેના છોડ વિશેની વિગત આગળ જણાવેલ છે.
આ પદ્ધતિનું વિસ્તરણ વધારે થયેલ નથી. પણ વિજયભાઈ પાસેથી જે લોકો જાણતા થયા છે તે લોકો ઉપયોગ કરે છે કે નહીં તેની વિગત જાણવા મળેલ નથી.
આ પદ્ધતિની કોઈ આડઅસર કે સાવચેતી નથી.
આ પદ્ધતિમાં દ્રાવણ બનાવવા માટે જે બે ત્રણ દિવસ ઓથાવા મૂકવું તે બરાબર ઓથાય પછી લેવું.
આ પદ્ધતિ સ્વયં વિકસાવેલ છે અને તેઓ ઘણા સમયથી આવા પ્રયોગો કરતા રહે છે.
આ પદ્ધતિનો મૂળસ્રોત તેઓ પોતે છે.
આ પદ્ધતિનો વિચાર જાતે જ પ્રયોગ કરી ઉપયોગ કરતા અવાય છે.
આ પદ્ધતિની કોઈ મર્યાદા કે સાવચેતી રાખવામાં આવતી નથી.

અન્ય ઉપયોગ જાણકાર:
વાડીલાલ વી. વાસાણી
અમૃતભાઈ કે. પોકાર
કવિતાબેન સોની
ધનજીભાઈ શીવજીભાઈ
વેલજીભાઈ શીવજીભાઈ

આ માહિતી અન્ય કોઈ જગ્યાએ પ્રકાશિત થઈ નથી.
વૈજ્ઞાનિક સંદર્ભ વિશે જણાવેલ નથી પણ આ પદ્ધતિમાં વપરાતા તમામ પદાર્થો ઉપયોગી હોવાથી તેની અસર સારી થાય એમ તેમનું માનવું છે.
ખેડૂતને આ પદ્ધતિ લોકસરવાણીમાં છપાવવામાં રસ છે.
(નોંધ:- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૧૩-૧૦-૨૦૦૭માં જાલમસિંહ ઝાલાએ કરેલ છે.)

(વાવડિંગ એ મરી જેવું એક ઔષધિય બીજ છે, કે જે ગાંધીની દુકાનમાં મળી રહે છે. મહારાષ્ટ્રમાં અકોલા ખાતે આવેલી પંજાબરાવ કૃષિ વિદ્યાપીઠમાં કીટકશાસ્ત્ર વિષયમાં બોરલે એમ એન (૧૯૬૫)એ પીએચ.ડી દરમ્યાન કરેલ અભ્યાસ પરથી માલૂમ પડ્યું કે, રાઈમાં આવતી મોલો (Lipaphis erysimi અને Dysdercus koenigii) જીવાતના નિયંત્રણ માટે વાવડિંગ કીટનાશક તરીકે ઉપયોગી છે. તંત્રી)

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** તમાકુ (Nicotiana tabacum) પાવડર, વાવડિંગ (Embelia tsenam-cottom), ગૌમૂત્ર, છાણ અને પાણી

**IPR Status**

**Keywords** જીવાત, ફળ, પાક, તમાકુ, Nicotiana tabacum, પાવડર, વાવડિંગ, Embelia tsenam-cottom, ગૌમૂત્ર, છાણ, પાણી, કચ્છ

**Member ID** DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૪૯ **Member Type** Scout

**First Name** કાન્તિ **Middle Name** **Last Name** ડાભી

**Profession** **Designation**

**Address 1**

**Village** **Taluka**

**District** **State** Gujarat **Country** India

**Biography**

---

**Member ID** DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૫૯ **Member Type** Verifier

**First Name** જાલમસિંહ **Middle Name** **Last Name** ઝાલા

**Profession** **Designation**

**Address 1**

**Village** **Taluka**

**District** **State** Gujarat **Country** India

**Biography**

---

**Member ID** DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૭૭ **Member Type** Innovator

**First Name** વિજય **Middle Name** મગનલાલ **Last Name** શાહ

**Profession** ખેતી **Designation** ખેડૂત

**Address 1**

**Village** ન્યુટેક ફોર્મ, મુ. મોટી રાયણ **Taluka** માંડવી

**District** Kachchh **State** Gujarat **Country** India

**Biography**

ખેડૂતનો પરિચય:
શ્રી વિજયભાઈ મગનલાલ શાહની ઉંમર ૫૦ વર્ષની છે. તેમના પત્ની કુસુમબેન તથા એક દિકરી છીતીબેન છે. તેમની બીજી દિકરી જ્યોતિબેન પરણીને સાસરીમાં રહે છે. તેઓનો રસનો વિષય ખેતી છે. તેમની પાસે કુલ ૪૦ એકર જમીન છે. આ જમીનમાં હાલમાં ખારેક ૧૧ એકર, કુવરપાઠું સાડા બાર એકર, આમળા ૨ એકર, એરંડા ૩ એકર, ઘાસચારો અઢી એકર અને આકાશી ખેતીમાં ૧૦ એકરનું વાવેતર કરેલ નથી. પિયત માટે ટ્યુબવેલની સગવડ છે. પશુઓમાં ગાય છે. સમાજના તમામ રિવાજો સારી રીતે પાળે છે. તેમની આવકનું મુખ્ય સાધન ખેતી અને ધંધો છે.

સમસ્યા તેમની કોઈ સમસ્યા નથી. સારી રીતે આધુનિક ખેતી કરે છે.

ગામનો પરિચય:
ગામની વસ્તી ત્રણ હજાર જેટલી છે. ગામમાં પ્રાથમિક શાળા છે. પંચાયત ઘર છે. તળાવ એક છે. વૃક્ષોમાં તેમના ગામમાં બાવળ, લીમડા, ખીજડા, ખારેક વગેરે મુખ્ય છે. સામુહિક ઉત્સવોમાં દિવાળી, હોળી, નવરાત્રી, જન્માષ્ટમી વગેરે મુખ્ય છે. ગામમાં મહિલાઓનો દરજ્જો ઉંચો છે અને શિક્ષણનું પ્રમાણ ઘઉં સારું છે. ગામમાં પટેલ, રબારી, દરબારો, ઠાકોરની મુખ્ય વસ્તી છે. તમામ લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાયથી જોડાયેલા છે. ગામમાં પાકા રોડની સગવડ છે. ટેલીફોનની સુવિધા છે. વાહન વ્યવહારમાં બસ, જીપ, રીક્ષા વગેરેની સુવિધા છે. તાલુકા મથકથી ૨૦ કિ.મી છે. જિલ્લા મથકથી ૪૫-૫૦ કિ.મી છે.